# ઑનર કિલિંગ (સન્માન મૃત્યુ): સામાજિક વિવિધ ધારણાઓ અને તેના માટે વપરાતી જુદી જુદી પધ્ધતિઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ

દિલીપકુમાર એમ. કથાડ
રીસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ

ડો. બિનલ એસ. પટેલ
રીસર્ચ માર્ગદર્શક
આસીસ્ટન્ટ પ્રોફેસર, લો કોલેજ, હિંમતનગર

## ૧. પ્રાસ્તાવિક

વૈદિકકાળથીજ આપણો સમાજ રીતરિવાજો અને જૂની પુરાણી રૂઢિઓને વળગી રહયો છે અને આજના આ આધુનિક યુગમાં પણ આપણા સમાજના લોકો તેમની તે જૂની પુરાણી રૂઢિઓ અને રીત રિવાજોને ભુલવાના બદલે તેની જડો સમાજમાં વધુને વધુ ઊંડી ઉતારતો જાય છે અને તેને વળગી રહયો છે. આજના આપણા સમાજના લોકો કોઈ પણ સંજોગો કે કોઈ પણ પરિસ્થિતિમાં તેમના રીત રિવાજો અને તેમની માન્યતાઓ પ્રત્યે જરા પણ બાંધછોડ કરવા ઈચ્છતા નથી. લોકો સતત સમાજમાં તેમની માન પ્રતિષ્ઠા અને તેમનો મોભો જળવાઈ રહે તેનું ધ્યાન રાખતા હોય છે અને જયારે પણ તેમાંના એટલે કે, કોઈ સમુદાય, કોઈ સમાજ,વંશ કે પરિવારનો સભ્ય કે વ્યકિતતે સમાજ,સમુદાય,વંશ કે પરિવારના રીતરિવાજો અને જૂની પુરાણી રૂઢિઓને નેવે મુકી અથવાતો તેને ઉપરવટ જઈ કોઈ પણ જાતનું કૃત્યકરે અને આવા કૃત્ય થવાથી તે સમાજ,સમુદાય,વંશ કે પરિવારના લોકોને એવું લાગે કે, તે વ્યકિત કે સભ્યના કૃત્યના પરિણામે તે જ સમાજ, સમુદાય, વંશ કે પરિવારના લોકોને અપમાનીત થવું પડયુ છે અથવાતો અપમાન સહન કરવાની પરિસ્થિતિ ઉદ્‌ભવસે ત્યારે તે જ સમાજ,સમુદાય, વંશ કે પરિવારના લોકો દ્વારા તે વ્યકિત કે સભ્યને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવે ત્યારે ઉદ્‌ભવતા ગુનાઓને ઑનર ક્રાઈમ(સન્માન ગુનો) કહેવામાં આવે છે અને જોતે વ્યકિત કે સભ્યનું મૃત્યુ નિપજાવવામાં આવે ત્યારે ઉદ્‌ભવતા ગુનાઓને ઑનર કિલિંગ(સન્માન મૃત્યુ) કહેવામાં આવે છે.

ઑનર કિલિંગ ને કલ્ચરલ ક્રાઈમ તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે આપણા સમાજમાં વ્યાપેલ રીત રિવાજોની ઊંડી જડોમાંથી પોષણ મેળવી આ ગુનાઓ જન્મે છે.વર્તમાન ભારતમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, ઝારખંડ, તેલંગાણા અને મધ્યપ્રદેશમાં ઑનર કિલિંગનું પ્રમાણ વધારે જોવા મળે છે તેમજ ગુજરાત, મહારાષ્ટ્ર, તામીલનાડુ, કેરલ તેમજ બીજા અન્ય રાજયોમાં પણ ઑનર કિલિંગનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જાય છે.

ઑનર ક્રાઈમ અને ઑનર કિલિંગ એ સામાન્ય રીતે સ્ત્રીઓ પ્રત્યે થતી હિંસાઓ છે.થોડા પ્રમાણમાં પુરુષો પણ ભોગ બને છે પરંતુ સ્ત્રીઓ બહોળા પ્રમાણમાં ભોગ બને છે.મોટે ભાગેઑનર ક્રાઈમએ આત્મહત્યાના કિસ્સાઓમાં, બળાત્કાર કે સામુહિક બળાત્કારના કિસ્સાઓમાં, શારીરિક અને માનસીક ત્રાસ આપવાની બાબતોમાં, જાનલેવા હુમલાઓ દ્વારા, લગ્ન સબંધ વગર ગર્ભ રહી જવાના કિસ્સાઓમાં, જાતીય પરીક્ષણના કિસ્સાઓમાં, બળજબરીથી સાક્ષી થવાના કિસ્સાઓમાં, ધમકીઓ દ્વારા વગેરે જેવી બાબતોમાં થાય છે.

યુનાઈટેડ નેશનનાં અંદાજ પ્રમાણે દર વર્ષે ૫,૦૦૦ સ્ત્રીઓ અને છોકરીઓને તેના પરિવારદ્વારા ટાઢા કલેજે મોતને ઘાટ ઉતારવામાં આવે છે.ઉપરોકત આંક તો માત્ર નોંધાયેલા છે જયારે આપણા સમાજમાં એવી ઘણી છાના છાની જગ્યાએ પોતાના જ પરિવાર દ્વારા માત્ર પરિવારની ઈજ્જત આબરૂ માટે સ્ત્રીઓ અને છોકરીઓની હત્યા કરવામાં આવે છે. આ આંકડાઓ બહાર પણ નથી આવતા કારણ કે ઘરનીવાત ઘરમાં જ રહી જાય છે અને પરિવાર, સમાજ, વંશ કે સમુદાયની આબરૂ ખાતર તેવાતો બહાર પણ આવતી નથી.

રોબર્ટે તેમણે કરેલા અભ્યાસ બાદ જણાવેલ કે, ઑનર કિલિંગ એ '' મહિલાઓ અને કન્યાઓની નિર્મમ હત્યા છે'' અને તેનો આંક વર્ષે ૫૦૦૦ નહિ પરંતુ તેના અભ્યાસ બાદ તે દાવો કરે છે કે, દર વર્ષે સન્માન અને પ્રતિષ્ઠાના નામ પર ૨૦,૦૦૦ જેટલી હત્યાઓ કરવામાં આવે છે.

બ્રાન્ડોન હાફીઝે ઑનર ક્રાઈમ પર આધારીત પોતાના અભ્યાસમાં જાહેર કરે છે કે, '' સન્માન એ વ્યાપક અને જટીલ ઘટના છે.જેનું જૂદાં જૂદાં સમાજ દ્વારા અલગ અલગ રીતે અર્થઘટન કરવામાં આવેલું છે.તેમાં ખાસ કરીને જગ્યા, લોકોના સાંસ્કૃતિક ધોરણો, સંજોગો અને સન્માન તરીકેની વિવિધ લાક્ષણીકતાઓ સાથે સંકળાયેલ હોય છે.સમાજ, વંશ, સમુદાય કે પરિવાર સમાજમાં પોતાનું સ્થાન, સમાજમાં તેઓનો મોભો, દુશ્મનાવટ અથવા તો હોશિયારી દ્વારા સમાજમાં પોતાનું સ્થાન જાળવે છે.[૩]
સમાજમાં રહેતા તમામ લોકો ખુદને ઉચ્ચ કક્ષાનો, પ્રતિષ્ઠિત અને સારી સ્થિતિમાં જોવા માંગે છે અને જયારે તેઓની આ પ્રતિષ્ઠા, માન–સન્માન જયારે તેમનાજ કુટુંબ, વંશ, પરિવાર કે સમુદાયના સભ્યો દ્વારા જોખમાય છે ત્યારે તેમની હત્યા કરીનાખવામાં આવે છે.આને ઑનર કિલિંગ કહે છે.ઑનર ક્રાઈમ એ આત્મહત્યાના કિસ્સાઓમાં, બળાત્કાર કે સામુહિક બળાત્કારના કિસ્સાઓમાં, શારીરિક અને માનસિક ત્રાસ આપવાની બાબતોમાં, જાનલેવા હુમલાઓ દ્વારા, લગ્ન સંબંધ વગર ગર્ભ રહી જવાના કિસ્સાઓમાં, જાતીય પરીક્ષણના કિસ્સાઓમાં, બળજબરીથી સાક્ષી થવાના કિસ્સાઓમાં, ધમકીઓ દ્વારા, એસીડ હુમલાઓ દ્વારા કરવામાં આવે છે પરંતુ તેમાં મ ત્ય નિપજાવવામાં નથી આવતું.

## ૨.ઑનર કિલિંગ અને તેની વ્યાખ્યા

Human Rights Watch defines "honour killings" as follows:

“Honour killings are acts of vengeance, usually death, committed by male family members against female family members, who are held to have brought dishonour upon the family. A woman can be targeted by (individuals within) her family for a variety of reasons, including: refusing to enter into an arranged marriage, being the victim of a sexual assault, seeking a divorce—even from an abusive husband—or (allegedly) committing adultery. The mere perception that a woman has behaved in a way that "dishonours" her family is sufficient to trigger an attack on her life.” ૪

ઉપરોકત માનવ અધિકાર સંસ્થાન હ્યુમન રાઈટ વોચમાં ઑનર કિલિંગને નીચે પ્રમાણે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. સન્માનના રક્ષણ કરવા માટે કરવામાં આવેલ ગુનો એ હિંસાનો પ્રકાર છે.જેમાં પરિવારનાજ પુરૂષ સભ્યો દ્વારા પોતાના જ પરિવારની મહિલાઓનું એટલા માટે મૃત્યુ નિપજાવવામાં આવે છે કે, તેના અનુસાર તે મહિલા સદસ્યના કૃત્યથી સમગ્ર પરિવારની ગરીમા અને સન્માનને ઠેસ પહોચેલ છે.તેનું કારણ કોઈ પણ હોઈ શકે છે. જેમ કે, પરિવાર દ્વારા નકકી કરેલા લગ્ન કરવાથી ઈન્કાર કરવો, કોઈ યૌન અપરાધનો ભોગ બનવું, પતિ સાથે છૂટા છેડાની માંગણી કરવી અથવા તો લગ્ન બાદ પરપુરૂષ સાથે અવૈધ સંબંધ રાખવો, વગેરે જેવા કારણો પર્યાપ્ત છે કે જેનાથી પરિવારની ઈજ્જતને ઠેસ પહોંચે છે.

ઑનર કિલિંગ જેમાં કોઈ પરિવાર, વંશ કે સમુદાયના કોઈ સદસ્યની સામાન્ય રીતે સ્ત્રીઓની હત્યા તેજ પરિવાર, વંશ કે સમુદાયના એક કે તેથી વધારે સભ્યો દ્વારા કરવામાં આવે છે.સામાન્ય રીતે સમુદાયના વધારે પડતાં સભ્યોએ વિશ્વાસની સાથે આ હત્યાને અંજામ આપે છે કે, મૃત્યુ પામનારના કૃત્યના કારણે તે પરિવાર, વંશ, કે સમુદાયનું અપમાન થયેલ છે.

## ૩. ઑનર કિલિંગનો ખ્યાલ

(૧) માથ્થીવ એ. ગોલ્ડસ્ટેન, જે.ડી.(એરીજોના), એ રોમમાં ઑનર કિલિંગના ખ્યાલને નોંધેલો. પરંતુ પુરુષ સભ્યના કુટુંબ દ્વારા સ્ત્રી સભ્ય પર કોઈ પણ જાતનો જાનલેવા કે હત્યા કરવા હુમલો કરવામાં આવેલ ન હતો પરંતુ વ્યભિચારી સ્ત્રીઓની હત્યા કરવી એ પ્રાચીન રોમમાં પ્રોત્સાહિત કરવામાં આવતું.

પ્રાચીન રોમમાં સ્ત્રીઓ અને બાળકોનું વન તેમના પુરૂષોની મનસૂફીથી ચાલતું. રોમના કાયદાઓમાં પણ જણાવવામાં આવેલ કે સ્ત્રી વ્યભિચારી તો તેનો પતિ તેનું મૃત્યુ કરી શકતો. આમ પ્રાચીન રોમમાં કાયદા દ્વારા ઑનર કિલિંગની ઐતિહાસિક સ્થાપના કરેલી હતી. રોમના સમયમાં સ્ત્રીઓની પરિસ્થિતિ અત્યંત દયાજનક હતી અને તે સમયે ઑનર કિલિંગને પ્રથમ વખત શરમજનક રીતે જોવામાં આવ્યું હતુ. આમ રોમમાં સ્ત્રીઓનું વન તેમના પતિ દ્વારા નકકી કરવામાં આવતું.

(૨) બરયુટ યુનિવર્સીટીના નૃવંશશાસ્ત્રના પ્રો.સેરીફ – ઑનર કિલિંગની વ્યાખ્યા આપતા જણાવે છે કે –"The Honour Killing is not a means to control sexual power or behaviour 'what's behind it is the issue of fertility or reproductive power"

(૩) એમનેસ્ટી ઈન્ટરનેસ્નલ, સન્માન હત્યાની વ્યાખ્યા આપતા નોંધે છે કે, જયારે કોઈ એક સ્ત્રીને માફ નકરી શકાય તે રીતે અન્ય સમુહની વ્યકિત સાથે લગ્નકરે ત્યારે તેણીને બચાવવાની તક આપ્યા સિવાયજો તે કુટુંબ પાસે અન્ય કોઈ ઉપાય ન હોય ત્યારે લગ્ન કરનાર સ્ત્રી સભ્યની કુટુંબના ગૌરવ અને સન્માન જાળવણી માટે કરવામાં આવતી હત્યાને સન્માન હત્યા કહે છે.

(૪) રોડ(Rhod) યુનિવર્સિટીના એથ્રોપોલો ના પ્રોફેસર કેરોલીન રુલુહરે એવુ કહયું છે કે –
કોઈ એક સ્ત્રી અન્ય સમુહના પુરૂષ સભ્ય સાથે લગ્ન કરતા અથવા માની લીધેલા લગ્ન સંબંધના કારણે ઉભી થયેલી સૅકસ્યુઅલ મીસ કંડકથી જેતે સમૂહના નૈતિક ધોરણોનું નુકશાન થયેલ છે.તેની પુનઃ સ્થાપના માટે સ્ત્રી સભ્યનો વધ કરવાથી જેતે સમાજના નૈતિક ધોરણોનું પુનઃ સ્થાપન થઈ શકે છે. તે રીતે સામાજિક સમતુલા સ્થાપીત થાય તે હેતુથી કરવામાં આવતી હત્યાને સન્માન હત્યા કહે છે.

(૫) ખ્રિસ્તી આરબ લેખક નોર્મા કોઉરી દ્વારા નોંધાયું છે કે, ઑનર કિલિંગ એ હમ્મુરાબી અને ૧૨૦૦ વર્ષ પૂર્વ એસ્સીરીયન જન જાતીમાંથી ઉદ્ભવેલ છે. તે સમયે સ્ત્રીઓની મિલકત અને કુટુંબ કબિલાના રીતરિવાજોના આધારે હત્યા કરવામાં આવતી. આમ પ્રાચીન આદિવાસી સમયથી આ પ્રથા ચાલી આવે છે તેવી માન્યતા છે.

## ૪. ઑનર કિલિંગની વિવિધ સામાજિક ધારણાઓ

વર્તમાન સમયમાં ઑનર કિલિંગનાં બનાવો વૈશ્વિક સ્તરે પણ વધારે પ્રમાણમાં જોવા મળે છે.ભારતના ઉત્તરી ભાગ એટલેકે, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહારમાંવધારે પડતાં ઑનર કિલિંગના કેસો જોવા મળે છે.આ તમામ હત્યાઓનાં મુખ્ય કારણો જોઈએ તો આંતરજ્ઞાતિય લગ્ન કરવા, સ્ત્રીનાં લગ્ન પહેલા કોઈ પુરૂષ સાથે જાતીય સંબંધ હોવો તેમજ એકજ ગોત્રમાં લગ્ન કરવા વગેરે જેવા કારણો ઉભરી આવે છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં ૧૦૦૦ જેટલા સ્ત્રીઓ અને પુરૂષોની ઑનર કિલિંગના નામ પર હત્યા કરવામાં આવે છે. પંજાબ અને હરયાણામાં જાટ સમાજ અને રાજસ્થાનનાં રાજપુતો પોતાના પરંપરાગત રીતરિવાજોને સાથેલઈ ચાલતો પિતૃપ્રધાન સમાજ પોતાના નિયમોનીસાથે જરા પણ બાંધછોડ કરતો નથી. મૂળભૂત રીતે વર્તમાન સમયમાં સામાજિક, આર્થિક અને રાજકીય પાસાંઓ ઑનર કિલિંગને વધારે પોષણ આપે છે.હરિયાણા, પંજાબ અને રાજસ્થાનમાં ખાફ પંચાયતો પોતાનો ખાસ્સો ભાગ ભજવે છે. ખાફ પંચાયતો દ્વારા આપવામાં આવતા ચ કાદાઓ અને બનાવવામાં આવતા નિયમોથીસમાજમાં ઑનર કિલિંગના બનાવો વધારે પ્રમાણમાં જોવા મળે છે.હાલ સરકારી કે બિન સરકારી સંસ્થાઓ પાસે ઑનર કિલિંગની કોઈ પણ જાતની સચોટ આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી. માત્ર અને માત્ર કાયદાના અભ્યાસુઓ દ્વારા કરવામાં આવતા સંશોધનનાં આધારે જાણવા મળ્યું છે કે દર વર્ષે ભારતમાં ૧૦૦૦ જેટલી સ્ત્રીઓ

અને પુરૂષોની હત્યા કરવામાં આવે છે.સમાજ,વંશ કે સમુદાય દ્વારા નીચે પ્રમાણેની ધારણાઓના આધારે ઑનર કિલિંગ કરવામાં આવે છે.

## ૪.૧.પરિવાર દ્વારા નકકી કરવામાં આવેલ લગ્નનો વિરોધ કરવો

આપણા ધાર્મિક ગ્રંથો રામાયણ, મહાભારતમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે,રાજાઓ તેમની દિકરીઓના લગ્ન તેમની મર થી કરતા. પિતા તેમની દિકરીના લગ્ન માટે સ્વયંવર યોજતા અને દિકરી તેમની મર મુજબના મનગમતા પુરૂષને વરમાળા પહેરાવી અને લગ્ન કરતી.પરંતુ વર્તમાન સમયમાં આપણા સમાજમાં વ્યાપેલા જૂના પુરાણા અને રૂઢિ ગત રીતરિવાજોના કારણે માતાપિતા તેમના દિકરા/દિકરીના લગ્ન તેમની ઈચ્છા મુજબ કરાવાના બદલે માતા પિતા તેમના બાળકોના લગ્ન પોતાની પસંદગીના પાત્ર સાથે નકકી કરતા હોય છે.આવા પ્રસંગોમાં છોકરા કે છોકરીને સામેવાળુ પાત્ર પસંદ ન હોય છતાં પણ માતા પિતા બળજબરીથી તેમના લગ્નતે પાત્ર સાથે કરાવે છે.

આવા બનાવો હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાનમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે અને હાલ ગુજરાતમાં પણ આવા બાનાવો બહોળા પ્રમાણમાં જોવા મળે છે.જયારે સ્ત્રી અથવા તો પુરૂષ પાત્ર આવાં લગ્નકરવાની ના પાડે છે ત્યારેમાતા પિતા અથવા તો કુટુંબના અન્ય સભ્યોમાત્ર પોતાના પરિવારની આબરૂ અને સમાજમાં તેઓના માન–સન્માન ખાતર તેમના બાળકોની ઈજ્જત આબરૂના નામ પર હત્યા કરીનાખતા હોય છે. આમ પરિવારના સભ્યદ્વારા માતા પિતાએ નકકી કરેલા લગ્નનો ઈન્કાર કરાતા તેઓની ટાઢા કલેજે હત્યા કરવામાં આવે છે.

## ૪.૨. પરિવારની ઈચ્છા વગર આંતરજ્ઞાતિય લગ્ન કરવા

આજના આ આધુનિકયુગમાં જન્મેલી નવી પેઢી પોતાના સમાજ,પરિવાર, વંશ કે સમુદાયના રીતરિવાજોઅને રૂઢિઓને નેવે મુકીને પોતાની મર મુજબના વન સાથીની પસંદગી કરતા હોય છે. માતા પિતા દ્વારા પસંદ કરવામાં આવતા પાત્રને ન પસંદ કરતા વર્તમાન સમયમાં આંતરજ્ઞાતિય લગ્ન કરી પોતાની પસંદગીના પાત્ર સાથે વૈવાહિક વન પસાર કરતા હોય છે.

પરંતુ વર્તમાન પેઢી દ્વારા ઉઠાવામાં આવતા આવા પગલાઓ જૂની પેઢી એટલે કે બાળકોના માતા પિતા, તેમનો પરિવાર, સમુદાય અથવાતો તેમના જ્ઞાતિના લોકો તેમના સમાજનું, પરિવારનું, સમુદાયનું અપમાન સમજે છે.વર્ષોથી ચાલી આવતી પ્રથાઓના ભંગ બદલ આ લોકો તેમના બાળકોને મોતને ઘાટ ઉતારી નાખે છે અને તેમનું મોત નિપજાવી સમાજમાં પોતાની ઈજ્જત આબરૂ પ્રસ્થાપિત કરી પોતાનું સ્થાન જાળવે છે.

વર્તમાન સમયમાં રાજસ્થાનમાં રાજપુત જ્ઞાતિમાં તેમજ પંજાબ અને હરિયાણામાં જાટ જ્ઞાતિ દ્વારા તેમના સમાજની પ્રથાઓને નેવે મુકી આંતરજ્ઞાતિય લગ્ન કરવામાં આવતાં હોય છે. પરંતુ તેઓની સન્માનના નામ પર હત્યા કરવામાં આવે છે.આ બાબતે મહત્વના કેસોમાં ભાવના યાદવનો કેસ તેમજ મનોજ બબલીનો કેસ મોખરે છે જે આજના સમયમાં પણ લોકોની માનસિકતાની ઝાંખી આપે છે કે, પોતાના રિવાજો અને માનસન્માન ખાતર, સમુદાયના મોભા ખાતર તેમના બાળકોની સન્માનના નામ પર હત્યાકરતા લોકો જરા પણ વિચારતા હોતા નથી.

## ૪.૩. બળજબરીથી લગ્ન કરાવવા

ભારતમાં ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ,હરિયાણા, રાજસ્થાન વગેરે રાજયોમાં માતા પિતા તેઓના બાળકોની ઈચ્છા વિરૂધ્ધ બળજબરીથી લગ્નો કરાવતા હોય છે મોટા ભાગે સ્ત્રીઓ બળજબરીથી કરાતા લગ્નનો ભોગ બને છે.આજના યુગમાં પણ રૂઢિગત રીતે ચાલતા સમાજમાં ઘણા રાજયોમાં બાળકોના ઘોળીયા લગ્નકરવામાં આવે છે અથવાતો નાની ઉંમરમાં બળજબરીથી લગ્નકરવામાં આવે છે અથવાતો સમાજના રિવાજ ખાતર ૧૭ કે ૧૮ વર્ષની છોકરીનાં ૭૦ વર્ષના પુરૂષ સાથે લગ્ન કરી નાખવામાં આવે છે.આવી પરિસ્થિતિમાં સ્ત્રી આવા લગ્ન કરવા માટે ઈન્કાર કરેતો તેના માતા પિતા અથવાતો તેના કુટુંબ કે સમુદાયના લોકો તેમની હત્યા કરી નાંખે છે અને તે પણ માત્ર પોતાના સમુદાય, સમાજ કે પરિવારના માન સન્માન ખાતર.

હરિયાણામાં ૧૦૦૦ છોકરાઓ એ ૮૭૯ કન્યાઓ છે.દેશનો સૌથી ખરાબ જાતિય રેસીયો આ રાજયનો છે. આસામ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા જેવા ગરીબ રાજયોમાંથી સ્ત્રીઓની તેમની ઈચ્છા વગર બળજબરીથી લગ્ન કરાવવા માટે આયાત કરવામાં આવે છે.૨૦૧૩નાં નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના અહેવાલ પ્રમાણે ૧૫ અને ૩૦ વર્ષ વચ્ચેની ૨૪૭૪૯ બાળકો અને મહિલાઓના લગ્નના હેતુથી વેચાણ કરવા માટે અન્ય રાજયોમાં બળજબરીથી મોકલવામાં આવેલ. સેંકડો છોકરીઓ અને સ્ત્રીઓનું ઉત્તર ભારતમાં તેમની ઈચ્છા વિરુધ્ધ બળજબરીથી લગ્ન કરવા માટે વેચાણ કરવામાં આવે છે.

Drishti Stree Adhyayan Prabodhan Kendra (NGO) ના અહેવાલ મુજબ હરિયાણામાં ૧૦,૦૦૦ ઘરોમાં અન્ય રાજયો માંથી બળજબરીથી લગ્નકરાવેલી સ્ત્રીઓ લાવામાં આવેલ હતી.તેમાં મહેન્દ્રગઢ, સિરસા, કર્નાલ, સોનપત, રેમીવત વગેરે જેવા ૯૨ લ્લાઓનો આમા સમાવેશ થાય છે.

## ૪.૪. બળજબરીથી છૂટા છેડા કરાવવા

આંતરજ્ઞાતિ લગ્નના કિસ્સાઓમાં પરિવાર, વંશ કે સમુદાયના સભ્યોતેમના બાળકોને પોતાના સમુદાય અને પરિવારની આબરૂ ખાતર છૂટા છેડા કરવા માટે મજબુર કરતા હોય છે અને જો તેઓ દ્વારા છૂટા છેડા ન કરવામાં આવેતો તેઓની તેમના પરિવાર, વંશ કે સમુદાયના સભ્યો દ્વારા માન,સન્માન, ઈજ્જત આબરૂના નામ પર હત્યા કરવામાં આવે છે. સમુદાયના રૂઢિગત રિવાજોનાકારણે ઘણી વખત કુટુંબમાં છોકરા છોકરીઓના સામ સામાજિક લગ્ન કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં પતિ પત્ની વચ્ચે અણબનાવ થતા અથવાતો સામ સામાજિક પરિવાર વચ્ચે અણબનાવ થતાં દિકરા દિકરીના કરેલા સામ સામાજિક સંબંધો તોડવાનો વારો આવી જાય છે અને આવી પરિસ્થિતિમાં છૂટા છેડા કરવા માટે ના પાડવામાં આવેતો પરિવારના લોકો તેમની ઈજ્જત આબરૂ અને જ્ઞાતિ અથવાતો સમુદાયમાં માન અને મોભાના ખાતર તેઓની સન્માનના નામ પર હત્યા કરવામાં આવે છે.

## ૪.૫. લગ્ન પહેલા શારીરિક સબંધ રાખવો અને તેનાથી ગર્ભ રહિજવો.

આજના આપણા સમાજના બાળકો જાતે પોતાના વનના નિર્ણય લેવા માટે સક્ષમ છે તેવુ તેઓ માનતા હોય છે અને આવી વિચારધારાનાકારણે જૂવાનીના જોષમાં આવા સ્ત્રી બાળકો પુરૂષ પાત્રના સંપર્કમાં આવી ખોટા પગલા ભરી બેસે છે. આના કારણે ગર્ભ રહીજવો આવા બનાવો આપણા તેમજ બીજા ઘણાં દેશોમાં જોવા મળે છે.આવા સંજોગોમાં માતા પિતા, પરિવાર કે સમુદાયના લોકોને આવા સ્ત્રી પાત્રથી સમાજમાં ઘણી બદનામી સહન કરવી પડે છે અને આવી બદનામીના ડરથી બચવા અથવાતો સમાજમાં તેમના બાળકની ભૂલના કારણે તેના પરિવારની આબરૂ અને માન મોભો ગયો છે. તેમજ સમાજમાં મોઢુ ઉચુ કરી ચાલવા જેવું રહયુ નથી તેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં તે પરિવારના સભ્યો સમાજમાં પોતાના સન્માન ખાતરપોતાની દિકરીની ઠંડા કલેજે હત્યા કરી નાખે છે. આપણા સમાજમાં આવી હત્યાઓને પરિવાર દ્વારા અકસ્માતનું રૂપ આપી સમાજમાં પરિવાર, વંશ, સમુદાયની ઈજ્જત આબરૂ જાળવવામાં આવે છે.

## ૪.૬. રેપ તથા ગેંગ રેપનો ભોગ બનવાથી.

આપણો સમાજ બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને સમાજનું દુષણ સમજે છે.પુરૂષો અને સ્ત્રીઓમાં રહેલી માનસિક વિકૃતીના કારણે આવી ઘટનાઓ બને છે.આવા બનાવોમાં વધારે પડતી સ્ત્રી ભોગ બને છે.આપણા દેશની ૧.૨ અરબ વસ્તીમાં વર્ષે ૨૫૦૦૦ લોકો રેપ કે ગેંગ રેપનો ભોગ બને છે Social Unity Canter of india (SUCI) સંસ્થા રેપ તથા ગેંગ રેપના ગુનાઓનો પ્રખર વિરોધકરે છે.ઉત્તર પ્રદેશના બદાઉ લ્લામાં બે દલીત છોકરીઓ સાથે ગેંગ રેપ કરી તેમની હત્યા કરીનાખવામાં આવેલી. બન્ને છોકરીઓ ૧૪ અને ૧૫ વર્ષની હતી અને તેમના ઘરમાં જ તેમનો ગેંગ રેપ કરી તે બન્નેને આંબાના જાડ પર ગળેફાંસો આપી લટકાવી દેવામાં આવેલ. આ બનાવની તપાસમાં પોલીસે પણ જોઈયે એટલો રસ દાખવેલ નહિ. અંતે આ કેસમાં એક નવોજ વણાંક આવેલ અને તપાસ બાદ પોલીસે જાહેર કરેલ કે તે બન્ને છોકરીઓનો રેપ કરી તેમની હત્યા તેમના જ સબંધીઓ દ્વારા મિલ્કત ખાતર કરવામાં આવેલ. આવા બનાવોમાં પરિવાર ,વંશ કે સમુહના લોકો તેમના માન સન્માન ખાતર હત્યા કરીનાખે છે.જેને ઑનર કિલિંગ કહે છે.

## ૪.૭. સમાજની સ્ત્રી સભ્ય પ્રણાલીકાગત વસ્ત્ર સંહિતાનું ઉલંઘન કરવાથી.

આજની આપણી નવી પેઢી પશ્ચિમની સંસ્કૃતી, ત્યાંની રહેણીકરણી અને પહેરવેશ તરફ બહોળા પ્રમાણમાં આકર્ષાતી જોવા મળે છે. પંજાબ, હરિયાણા,ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન જેવા રાજયો કે જેના લોકો પોતાની રૂઢિ, રીતરિવાજો, રહેણી કરણી અને રૂઢિગત પહેરવેશ પ્રત્યે આજના સમયે પણ બાંધ છોડ કરતા નથી.પરિવારમાં સ્ત્રીઓએ તેના પતિથી મોટા પુરૂષ કુટુંબીઓની લાજ કાઢવાની પ્રણાલી આજે પણ ફર યાત છે તેમજ સંપુર્ણ શરીરને આવરીલે તેવો પહેરવેશ પહેરવો ફર યાત છે. વર્તમાન ગુજરાતમાં પણ ઘણી જ્ઞાતીઓમાં આવી પ્રથા જોવા મળે છે.જયારે આવી જ્ઞાતીઓની સ્ત્રીઓ પ્રણાલિકાગત પહેરવેશ પહેરવાની ના પાડે અથવા પહેરીને ઘરની બહાર જાહેરમાં નીકળેતો તેમનું તે વર્તન તે સ્ત્રીના પરિવાર, સમાજ કે સમુદાય માટે શરમજનક સમ તે પરિવાર, વંશ કે સમુદાયના લોકો તે સ્ત્રીની એકાંતમાં,સમુદાયમાંઅથવા જાહેરમાં સન્માનનાં નામ પર હત્યા કરવામાં આવે છે.

આરબના દેશોમાં પણ સ્ત્રીઓ દ્વારા આવી વસ્ત્ર પ્રણાલીના ભંગ બદલ તેના પરિવાર, વંશ કે સમુદાયના લોકો તેમની નિર્મમહત્યા કરીનાખતા હોય છે. માત્ર એટલા માટે કે તે સ્ત્રીના વર્તનથી પરિવાર, વંશ કે સમુદાયના લોકોને અપમાનીત થવું પડયું.

## ૪.૮. સહજાતીય(સમલૈંગીક) સબંધ રાખવાથી

વિશ્ના દેશોમાં દિવસે ને દિવસે મનોવૈજ્ઞાનીક કારણો અને સમાજના બદલાતા મુલ્યોના સંદર્ભમાં સન્માનહત્યાની એક નવી ધારણા સ્ત્રી અને પુરૂષના સમલૈંગીક સંબંધ (Homo-sexuality and lesbian relation) ના રૂપમાં ઉદભવેલ છે.હાલ ઘણા દેશોમાં સ્ત્રી સ્ત્રી સાથે અને પુરૂષ પુરૂષ સાથે જાતીય સંબંધ રાખવા માંગે છે. વર્તમાન ભારતમાં પણ આ પ્રકારનું દુષણ વ્યાપેલ છે. સ્ત્રી અને પુરૂષના આવા સંબંધના કારણે કુટુંબ, વંશ કે સમુદાયની માન મર્યાદા અને ગૌરવનું ખંડન થતુ હોવાથી ઑનર કિલિંગના બનાવો બને છે.નામદાર સુપ્રીમ કોર્ટના જણાવ્યા પ્રમાણે આ પ્રકારના સમલૈંગીક સંબંધોને રોકવા માટે ભારતના કાયદામાં કોઈ પણ જાતની જોગવાઈ કરવામાં આવેલ નથી.

વૈશ્વિક કક્ષાએ એક કેસમાં – જોર્ડનમાં એક સમલૈંગીક સંબંધ ધરાવતા પુરૂષ વ્યકિતને તેનાજ ભાઈ દ્વારા બંદુકથી ઘાયલ કરવામાં આવેલ.[૨૦]બીજા એક ૨૦૦૮ના કેસમાં તૂર્કિસ્તાનનાં એક સમલૈંગીક વિદ્યાર્થી અહેમદ પીલદીઝની હત્યા કરવામાં આવી હતી. તે સમયના સમાજશાસ્ત્રીઓએ આ ઘટનાને સમલૈંગીક સંબંધ ધરાવતા પુરૂષની પ્રથમ હત્યાના બનાવ તરીકે નોંધેલ છે. ૨૦૧૨માં તૂર્કિમાં ૧૭ વર્ષનાં સમલૈંગીક સંબંધ ધરાવતા બાળકની તેના પિતા દ્વારાહત્યા કરવામાં આવેલી.[૨૧]મનોવૈજ્ઞાનીકોના મતે આ એક હોમોફોબિયા અથવા બી–ફોબિયા અથવાતો ટ્રાન્ફોબિયા નામના મનોવૈજ્ઞાનીક વલણોના કારણે સન્માનહત્યાઓના બનાવો ઉદભવે છે.

૨૨ જૂલાઈ ૨૦૧૧ના રોજ ૨૫ વર્ષીય સવીતા અને ૧૮ વર્ષીય બીના નામની બે છોકરીઓ એ ગૂરગાઉ કોર્ટમાં પ્રથમ સ્ત્રી સમલૈંગીક લગ્ન કરેલા અને તેમણે તેના પરિવારથી અને સામાજથી બચવા માટે પોલીસ પ્રોટેકશન માંગેલ.[૨૨]તેમના પરિવાર અને સમાજ દ્વારા આ લગ્નો અસ્વીકાર કરવામાં આવેલ.

## ૪.૯.બળજબરીથી આત્મહત્યા કરાવવી.

સામાન્ય રીતે બળજબરીથી આત્મહત્યાનાં બનાવો આંતરજ્ઞાતીય લગ્ન કરવાની બાબતોમાં, પરિવાર દ્વારા નકકી કરવામાં આવેલ લગ્નનો ઈન્કાર કરવાની બાબતોમાં, બળજબરીથી છૂટા છેડા કરાવવાની બાબતોમાં, લગ્ન પહેલા સ્ત્રી પાત્ર દ્વારા અન્ય પુરૂષ સાથે શારીરિક સંબંધ રાખવાના કે ગર્ભ રહેવાના કિસ્સાઓમાં, બળાત્કાર કે સામુહિક બળાત્કારના કિસ્સાઓમાં, સ્ત્રી કે પુરૂષ પાત્ર દ્વારા સમલૈંગીક જાતીય સંબંધ રાખવાના કિસ્સાઓમાં માતા પિતા કે પરિવારના અન્ય સભ્યો અથવા સમુદાયના લોકો તેના બાળકો દ્વારા તેમના રીતરિવાજો અને રૂઢિને નેવે મુકીને જયારે ઉપરોકત બાબતો મુજબ વર્તે છે ત્યારે તેલોકો તેના બાળકોની પરિવારના, વંશ કે સમુદાયના સન્માન ખાતર હત્યા કરી નાખે છે અને જો તે તેમના કરી શકેતો તેઓ ફરજિયાત પણે તેમના બાળકોને આત્મહત્યા કરવા માટે મજબુર કરતા હોય છે.

## ૪.૧૦. બળજબરીથી ગર્ભપાત કરાવવો.

બળાત્કારના કિસ્સાઓમાં અથવા સ્ત્રી પાત્ર દ્વારાલગ્નપહેલા પુરૂષ સાથે શારીરિક સંબંધ બાંધતા ગર્ભ રહી જવાની પરિસ્થિતિમાં માતા પિતા અથવા સ્ત્રીના પરિવારના અન્ય સભ્યોકે સમુદાયના લોકો તેમની સમાજમાં ઈજ્જત અને આબરૂ ખાતર ફરજિયાત પણે ગર્ભપાત કરાવવામાં આવે છે અને જો આવી સ્ત્રી ગર્ભપાત કરાવવાની ના પાડે તો તેની પરિવાર કે સમુદાયના લોકો હત્યા કરીનાખે છે.ઘણી વખત સાસુ સસરા કે પતિ દ્વારા અથવા પરિવારના અન્ય સભ્યો દ્વારાબાળકનું માતાના ગર્ભમાં ગેર કાનુની રીતે જાતીય પરીક્ષણ કરવામાં આવે છે અને તેમાં જાણવા મળે કે આવનાર બાળક છોકરી છે.પતિને કે તેના પરિવારના લોકોને તે સ્ત્રી બાળક જોઈતુ ન હોય તે કિસ્સામાં પતિ અથવા સાસુ સસરા અથવા પરિવારના અન્ય સભ્યોઆવી વ્યકિતને તેના ગર્ભમાં રહેલ સ્ત્રી બાળકને ફર યાત પણે ગર્ભપાત કરવા મજબુર કરે છેઅને તે સ્ત્રી દ્વારાતે ગર્ભપાત કરવાની ના પાડવામાં આવે ત્યારે તેના પતિ અથવા તો પરિવારના અન્ય સભ્યોતેનું મૃત્યુ નિપજાવે છે. મોટા ભાગે આવું મ ત્ય એક અકસ્માતના સ્વરૂપમાં બતાવવામાં આવે છે. જેથી સમુદાયમાં પરિવારનું માન સન્માનઅને મોભા પર કોઈ પણ જાતનું લાંછન ન લાગે.

## ૪.૧૧. એકજ ગોત્રમાં લગ્ન કરવાથી

આજના આ યુગમાં એકજ ગોત્રમાં લગ્ન કરવાના બનાવો મોટા પ્રમાણમાં જોવા મળે છે. હિન્દુ ધર્મ અને હિન્દુ કાયદા પ્રમાણે એકજ ગોત્રમાં કરેલા લગ્નએ વ્યર્થ થવા પાત્ર છે. છતા પણ વર્તમાન સમયમાં આપણા સમાજમાં છોકરા છોકરીઓ પોતાના પરિવારના કે સમુદાયના રીતરિવાજો અને રૂઢિ ઓને નેવે મુકીને એકજ ગોત્રમાં લગ્નકરતાં હોય છે અને સમાજના લોકો તેની પરંપરા અને વારસાગત ચાલી આવતી રૂઢિઓ અને રીતરિવાજોના ભંગ કરનાર આવા છોકરા છોકરીઓની સમાજમાં પરિવારના માનસન્માન અને ઈજ્જત આબરૂ ખાતર મૃત્યુ નિપજાવતા હોય છે અને સમાજમાં પોતાની પ્રતિષ્ઠાને જાળવી રાખે છે. આવા બનાવો મોટે ભાગે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર વગેરે રાજયોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે.હાલ આપણા ગુજરાતમાં પણ આવા એકજ ગોત્રમાં લગ્નનાં બનાવો જોવા મળે છે.

## ૪.૧૨. લગ્ન બાદ અન્યવ્યકિત સાથે શારીરિક સંબંધ રાખવાથી

સમાજમાં પરિવારની ઈજ્જત આબરૂ અને માન સન્માન ખાતર માતા પિતા કે પરિવારના સભ્યો પોતાના બાળકોના લગ્નોતેની ઈચ્છા મુજબ ન કરતા માતા પિતા કે પરિવારના સભ્યો પોતાની ઈચ્છા મુજબ લગ્ન(અરેન્જ મેરેજ)કરાવતા હોય છે. વનની આવી પરિસ્થિતિમાં બાળકો માતા પિતાના દબાણ અને ધમકીઓના કારણે લગ્નતો કરીલેતા હોય છે પરંતુંજે પાત્ર સાથે લગ્ન કર્યા હોય છે. તે પાત્ર સાથે તેનું કોઈ પણ જાતનું માનસિકકે શારીરિક આકર્ષણ રહેતુ નથી આવા સંજોગોમાં પુરૂષ કે સ્ત્રી જે પાત્રને પસંદ કરતા હોય છે તેની સાથે લગ્ન બાદ જાતીય સંબંધ રાખે છે.

ઉપરાંત પુરૂષ પાત્ર ને પોતાની પત્ની અથવા પત્નીનેતેના પતિ દ્વારા જાતીય સુખનો સંતોષ ન થતો હોય અથવા તો બીજા અન્ય સંજોગોમાં તેઓ અન્ય પાત્ર સાથે સંબંધ ધરાવતા હોય તે પરિસ્થિતિની જાણ પતિને અથવા ઘરના સભ્યોને થતા સમાજમાં પોતાના પરિવારની ઈજ્જત આબરૂ અને માન સન્માન ખાતર તે ઓની હત્યા કરવામાં આવે છે. આપણા સમાજમાં મોટા ભાગે આવી પરિસ્થિતિમાં સ્ત્રીઓ જ ઑનર કિલિંગનો ભોગ બને છે. લગ્ન બાદ અન્ય વ્યકિત સાથે શારીરિક સંબંધ રાખવાથી મૃત્યુ થવાના બનાવો માત્ર ભારત જ નહિ સમગ્ર વિશ્વમાં આ ધારણાથી ઑનર કિલિંગના બનાવો જોવા મળે છે. જે એક ચિંતાનો વિષય છે.

## ૫ ઑનર કિલિંગ માટે વપરાતી પદ્ધતિઓ

ભારતીય સમાજ સાંસ્કૃતિક અને પરંપરાઓ અને ધાર્મિક વિવિધતાઓથી ભેરલો દેશ છે. સમાજનો દરેક વ્યકિત તેની જૂની પુરાણી પરંપરાઓ રૂઢિઓ અને પ્રથાઓ સાથે ચુસ્ત પણે વળગી રહેલો છે. જે લોકો આ પરંપરાઓનો ભંગ કરે છે. તેને અપમાન સમ આ રૂઢિચુસ્ત સમાજના લોકો તેનું મૃત્યુ નિપજાવતા હોય છે. તે પણ માત્ર પરિવાર, કુટુંબ કે સમાજનાં પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે. તે લોકો એવું માનતા હોય છે કે તેમના દ્વારા આવુ કૃત્ય કરવાથી તેઓની ખોવાયેલી પ્રતિષ્ઠા પુનઃ પ્રસ્થાપિત થશે અને સમાજમાં તે પ્રતિષ્ઠાથી વી શકશે. આ લોકો પોતાની ખોટી

પ્રતિષ્ઠા જાળવી રાખવા તેઓ પોતાના જ પરિવારના સભ્યોનીસન્માનના નામ પર હત્યાઓ કરી નાખતા હોય છે. તેઓ મૃત્યુ નિપજાવવા માટે જૂદી જૂદી પદ્ધતિઓનો ઉપયોગ કરતા હોય છે. જે ના પ્રકારો નીચે મુજબ છે.

## ૫.૧ પથ્થર મારીને હત્યા કરવી

આ પદ્ધતિ પરિવારના સભ્યો દ્વારા અથવા કયારેક સમાજના લોકો દ્વારા ભોગ બનેલી વ્યકિતને મારવા માટે વપરાય છે. આ પદ્ધતિમાં કુટુંબના સદસ્ય અથવા અન્ય સમાજના લોકો દ્વારા કુટુંબના રીત રિવાજો, પ્રથાઓ અને રૂઢિઓના ઉલંઘન માટે સજા આપવા માટે વાપરવામાં આવે છે. મોટાભાગે આંતરજ્ઞાતિ લગ્ન, લગ્ન પૂર્વના જાતિય સંબંધો કે પછી લગ્ન પૂર્વની ગર્ભાવસ્થા, પતિ સિવાયના અન્ય વધારાના લગ્ન સંબંધો અથવા તો સમાજ કે સમુદાયના નિયમોનું, ધોરણોનું ઉલ્લંઘન કરે છે. તેઓને સામુહિક નિર્ણયો દ્વારા ભોગ બનનારને વૃક્ષ સાથે બાંધી સમુદાય દ્વારા પથ્થરોમારી હત્યા કરવામાં આવે છે.

## ૫.૨ ઝેર પીવડાવીને હત્યા કરવી

આપણો દેશ મૂળભુત રીતે પરંપરાઓ અને સંસ્કૃતિ, ધર્મ સાથે જોડાયેલો છે. તમામ પરંપરાઓ આપણા સમાજનું સાચુ પ્રતિબિંબ રજૂ કરે છે. સમાજની સાચી ઓળખ જાળવી રાખવા અને સમાજમાં પરિવારનું માન જાળવવા માટે બધીજ પરંપરાગત અને રૂઢિગત પ્રણાલીઓનું પાલન કરવામાં આવતુ હોય છે. જે લોકો આ રિવાજોનું રક્ષણ કરે છે. સમાજ તે લોકોનું રક્ષણ કરતો હોય છે. પરંતું જે લોકો આ રીત રિવાજો અને પંરંપરાઓનું ઉલ્લંઘન કરે છે. તેઓની આખરે સમાજના સન્માન ખાતર હત્યાઓ કરવામાં આવતી હોય છે. મોટેભાગે સમાજમાં આંતરજ્ઞાતિ લગ્ન કરનારા યુગલો, લગ્ન પહેલા ગર્ભવતી બનેલી સ્ત્રીઓ, છૂટાછેડા મેળવેલી સ્ત્રી, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓને સમાજ દ્વારા કે પછી તેના પરિવાર દ્વારા ઝેર આપી હત્યા કરવામાં આવતી હોય છે. આવી હત્યાને આત્મ હત્યાનું સ્વરૂપ બતાવી પૂરાવાઓ નષ્ટ કરી નાખવામાં આવતા હોય છે.

## ૫.૩. માથા પછાડીને હત્યા કરવી

આ પદ્ધતિમાં પરિવારના સભ્યો તેનાં પરિવારના અપમાન બદલ ભોગ બનનાર વ્યકિતને મારવા માટે સામુહિક નિર્ણય લઈ ભોગ બનનાર વ્યકિતનું માથુ વૃક્ષના થળ અથવા પથ્થરો સાથે પછાડી અને ગળુ કાપીને ભોગ બનનાર વ્યકિતનુ મૃત્યુ નિપજાવવામા આવે છે.

## ૫.૪ બંધુકની ગોળીમારીને હત્યા કરવી

આ પદ્ધતિમાં પરિવારના સભ્યો ભોગ બનનાર વ્યકિતનું મ ત્ય પોતાના પરિવારના સન્માન ખાતર બંદુકનો ઉપયોગ કરીને ભોગ બનનારનું મૃત્યુ નિપજાવતા હોય છે. લાહોરની ૨૯ વર્ષીય સમીઆ બે બાળકોની માતા હતી તેમણે તેમના પતિથી છૂટા છેડા લેવા માટે વકીલની ઓફિસમાં ગયેલ ત્યારે તેનાં પતિના પરિવાર જનોએ વકિલની ઓફિસમાંજ સમીઆની ગોળી મારીને હત્યા કરી નાખેલ. મુઝફર નગર જિલ્લાના લોઈ ગામની ૨૨ વર્ષીય છોકરીને તેના ભાયો દ્વારા ગોળી મારી હત્યા કરવામાં આવેલ અને હત્યાનું કારણ અન્ય છોકરા સાથેના ગેરકાયદેસર સંબંધ હોવાનું માલુમ પડેલું.

## ૫.૫ ગળે ફાંસો આપી હત્યા કરવી

પરિવારના સભ્યો દ્વારા સમાજમાં પરિવારની પ્રતિષ્ઠા અને માનમર્યાદા જાળવી રાખવા માટે પરિવાર, કુટુંબના સભ્યો દ્વારા ભોગ બનનાર વ્યકિતને વૃક્ષની ડાળ, મકાનની છતમાં લટકાવી ગળે ફાંસો આપી હત્યા કરવામાં આવતી હોય છે. આવી હત્યાઓ કરી આવા પરિવારના લોકો પોતાના પરિવારની ઈજ્જત અને આબરૂ જાળવવા માટે પોતાના જ પરિવારના સભ્યોને ફાંસીએ લટકાવી ને હત્યા કરતા હોય છે.

## ૫.૬ નિર્દય રીતે માર મારીને હત્યા કરવી

જયારે પણ રૂઢિચુસ્ત સમાજની વ્યકિત તેના સમાજના, પરિવારના રીતરિવાજોને નેવે મૂકી અને કોઈ પગલું ભરે ત્યારે તેજ સમાજ, પરિવારના લોકો તેઓની રૂઢિ, રિવાજોના ભંગ બદલ તે ભંગ કરનાર વ્યકિતનું મૃત્યુ નિપજાવતા હોય છે. તેઓ એવું માનતા હોય છે કે ભોગ બનનારા વ્યકિતના કૃત્યથી તેના પરિવારે સમાજમાં શરમીન્દુ થવું પડયું છે. ખોટી

પ્રતિષ્ઠાને બચાવવા ખાતર તેઓ ભોગબનનાર વ્યકિતનું સન્માનના નામ પર મૃત્યુ નિપજાવતા હોય છે. મોટે ભાગે આંતરજાતિય લગ્નો, પ્રેમ લગ્ન, સમાન ગોત્રમાં લગ્નો જેવી બાબતોમાં આવા બનાવો વધારે પડતા જોવા મળે છે. વધુનાં ખાપ પંચાયતો પણ પોતાના ગેરબંધારણીય નિર્ણયો આપી આવા ભોગ બનનારને સજાઓ સંભળાવતા હોય છે. જેમાંનો એક પ્રકાર નિર્દય રીતે માર મારીને હત્યા કરવી છે. મૃત્યુ નિપજાવવાની આ પદ્ધતિમાં ભોગ બનનાર વ્યકિતને પરિવાર દ્વારા, કે સમુદાયના લોકો દ્વારા એકઠા થઈ સતત માર મારવામાં આવતો હોય છે. ભોગ બનનાર વ્યકિત સાથે પ્રાણી કરતા પણ વધારે ખરાબ વર્તન કરવામાં આવતુ હોય છે. ભોગ બનનાર ને ભુખ્યુ તરસ્યુ રાખી, સતત લાકડી, પથ્થરો વડે મારી મારી જયાં સુધી તેનું મૃત્યુ ન નિપજે ત્યાં સુધી આ માર મારવાની ક્રિયા ચાલુ રાખવામાં આવતી હોય છે. આખરે ભોગ બનનાર વ્યકિતનું મૃત્યુ થતું હોય છે. મૃત્યુ બાદ પણ તેના મૃતદેહને સળગાવી દેવામાં આવતો હોય છે અને સમગ્ર બનાવને આત્મ હત્યાનું નામ આપી રફે દફે કરી દેવામાં આવતી હોય છે.

## ૫.૭ સળગાવીને હત્યા કરવી

સન્માનના નામ પર સળગાવીને મૃત્યુ નિપજાવવાના કિસ્સાઓ મોટા ભાગે આંતરજ્ઞાતિ લગ્ન કરવા, પ્રેમ લગ્ન કરવા, સહગોત્ર લગ્ન કરવા, બળાત્કારનાં કિસ્સામાં તેમજ લગ્ન પહેલા સર્ગભાવસ્થાના કિસ્સામાં પરિવારના સભ્યો એવું માનતા હોય છે. કે, ભોગ બનનારનાં કારણે તેઓએ સમાજમાં પોતાનું માન ગુમાવેલ છે. અને ભોગ બનનારનું મૃત્યુ નિપજાવવાથી તેમની ખોવાયેલી માન પ્રતિષ્ઠા પાછી આવી જશે. આપણાં સમાજના ખાપ પંચાયતો દ્વારા પણ ભોગ બનનારનું સળગાવીને મૃત્યુ નિપજાવવાના ચુકાદાઓ આપવામાં આવેલા છે.

## ૫.૮ છરાબા અથવા ચાકુના ઘા મારી મૃત્યુ નિપજાવવું

ઑનર કિલિંગના કિસ્સાઓમાં મોટે ભાગે આપદ્ધતિનો ઉપયોગ કરી ભોગ બનનારનું મૃત્યુ નિપજાવવામાં આવતું હોય છે. જયારે પરિવારનો કોઈ સભ્ય પોતાના પરિવારના રિવાજો પ્રથાઓ, પરિવારની ઈચ્છાઓ વિરુધ્ધ કોઈ અન્ય છોકરા/છોકરી સાથે પ્રેમસંબંધ બાંધે, આંતરજ્ઞાતિય લગ્ન કરે, પ્રેમ લગ્ન કરે, અથવા તો સહગોત્ર લગ્ન કરે, તેમજ બળાત્કારનો ભોગ બનવાનાં કિસ્સામાં, કે લગ્ન પહેલા સર્ગભા થવાના કિસ્સાઓમાં માતા–પિતા કે પરિવારના અન્ય સભ્યો દ્વારા ધારદાર હથિયારો અને ચાકુ વડે ભોગ બનનારનું મૃત્યુ નિપજાવવામાં આવતું હોય છે. આ મૃત્યુ નિપજાવી તે લોકો એવું માનતા હોય છે કે તેઓએ આ કૃત્યથી તેમના પરિવારની ખોવાયેલી માનમર્યાદા પુનઃપ્રાપ્ત કરી લીધેલ છે.

## ૫.૯. આગપર બેસાડીને (ચિતા પર બેસાડી) હત્યા કરવી.

આપણા સમાજમાં આદીકાળથીજ પતિના મૃત્યુબાદ સ્ત્રીઓને તેની ચિતા પર સળગી મૃત્યુ વહોરી લેવાના રીવાજો જોવા મળે છે. જો સ્ત્રીઓ આવા મૃત્યુનો વિરાધ કરે તો તેને પરિવારના સભ્યો દ્વારા ફર યાત પણે ચિતા પર ધકેલી દઈ સળગાવી દેવામાં આવતી હતી. માત્ર રિવાજોના નામ પર હત્યાઓ કરવામાં આવતી હતી. આજે પણ ઘણી ખાપ પંચાયતો દ્વારા વિધવા સ્ત્રી જો કોઈ પુરુષ સાથે સંબંધ બાંધે અથવા કોઈના પ્રેમમાં પડે તેવા કેસોમાં આવી સ્ત્રીઓને સમાજનું કલંક સમ તેને સળગતી ચિતામાં ધકેલી દઈ તેનું મૃત્યુ નિપજાવવામાં આવતું હોય છે.

## ૫.૧૦ એસીડ છાંટીને હત્યા કરવી.

આ પદ્ધતિમાં સમાજના કે સમુહદાયના લોકો દ્વારા ભોગ બનનાર પર એસીડ છાટી અને ત્યારબાદ તેનું મૃત્યુ નિપજાવવામાં આવે છે. આ પદ્ધતિ મોટા ભાગે બળાત્કારના કિસ્સામાં, લગ્ન પહેલા ગર્ભવતી બનવાના કિસ્સામાં આંતરજાતિય લગ્ન, સમલૈંગીક સંબંધો રાખવા, વન વવાનાં કિસ્સાઓમાં વપરાતી જોવા મળે છે. આવા કિસ્સાઓમાં સમાજના લોકો ભોગ બનનારને સમાજનું એક કલંક સમજે છે. જો તે વિત રહેશે તો સમાજમાં આવી ગંદકી ફેલાતી રહેશે તેવું તેઓ માને છે. આખરે સમાજની પ્રતિષ્ઠા ખાતર ભોગ બનનાર પર એસિડ છાંટી અને તેનું મૃત્યુ નિપજાવવામાં આવતું હોય છે.

Reference

1. Law Relating a Domestic Violence.Dr.R.Revathi
2. Women and Child Law, by Dr.S.C.Tripathi
3. Honour Killing on the rise in India and Nepal by Jacnne.

4. Law and Social Transformation in India by malik and raval.
5. Honour Killing: Root and Remedies – Global view by Ruo Arif Alikhan.
6. Women and Criminal Law by Dr. S.C.Tripathi
7. Sociology for Law students. Dr. S.R.Myneni.
8. Honour Killing : A blot on Indian Culture, Society.
9. Honour Killing Dilemma, Ritual, Understending by Amir H. Jafri.